# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૬ • અંક ૧૦ • સળંગ અંક ૬૮ • મુંબઈ • જુલાઈ, ૨૦૧૨ • પાના ૨૦ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

*સ્નેહી સ્વજન,*

*જય જિનેન્દ્ર !*

*વર્ષાના શિતળ ફોરા મોકલી રહ્યા છીએ,*
*નાજુક પુષ્પોની ખુશ્બુ મોકલી રહ્યા છીએ;*
*પુર બહારમાં ખીલી છે મેઘાની સવારી,*
*માટીની ભીની સોડમ મોકલી રહ્યા છીએ !*

જિંદગીમાં ઉદ્ભવતી બનાવોની વણઝાર વાદળોના ગડગડાટ સમાન હોય છે. તેની વચ્ચે પ્રલોભનોની ઉપસ્થિતિ વખતે શુભના સેવનની તક મળે ત્યારે હિંમત અને ટેમ્પરામેન્ટ ટકાવી રાખવું અતિ આવશ્યક બની રહે છે. કોઈપણ સમસ્યાથી ઘેરાઈ કે દટાઈ ન જતાં તેને પડકાર તરીકે જુઓ તો તેનો ઉકેલ ઝડપભેર આવશે. જિંદગી પ્રત્યેક ક્ષણે અનેકવિધ શક્યતાઓ અને પરિણામના પરિમાણો લઈને આપણી સમક્ષ આવે છે તેને ઝીલવા માટે આપણી ચેતના અને કલ્પના શક્તિને વિસ્તારતા રહેવું જોઈએ.

આપણી પાસે સ્વાસ્થ્યની જે મૂડી છે તે સદૈવ ટકી રહેશે તેવી કોઈ જ સંભાવના નથી. સ્વજનોના સંબંધોની છાયા આજે આપણને અનુભવવા મળે છે તે કાયમ સાથ આપશે તે જરૂરી નથી. સંપત્તિના જોરે માનવી ધરતીથી બે વેંત અદ્ધર ચાલી રહ્યા હોય ને સંપત્તિ હર હંમેશ તમારી બની રહેશે એવી ભ્રમણામાં રહેવાની જરૂર નથી. સંપત્તિ ક્ષેત્રે ભીડ ચિક્કાર છે. ભય પારાવાર છે અને પ્રતિસ્પર્ધા બેશુમાર છે. શંકા અને અવિશ્વાસ કે વધુ પડતા વિશ્વાસમાં આપણે પોતાને વેડફતા રહીશું તો કદાચ ઈશ્વર પણ બચાવી નહીં શકે. આપણે જ દરિયો અને આપણે જ કિનારો. સમસ્યાને આપણા પર સવાર થવા દઈએ, આપણા કિનારા આપણામાં તૂટી જાય અને આપણા દરિયા આપણામાં ડૂબી જાય તેવી શક્યતા નકારી શકાય નહીં. પસંદગી આપણે જ કરવાની છે. સમસ્યાને આપણે ઊકેલવી છે કે આપણે જ ઊકેલાઈ જવું છે.

તો ચાલો મન મૂકીને વરસી પડીએ. અભાવને કે અલ્પતાને પ્રસન્નતાથી નિભાવી લઈએ. પ્રસન્નતાની અનુભૂતિ ચિરસ્થાયી બનીને જ રહેશે. સારું મેળવવું એ શ્રીમંતાઈની મંઝિલ છે. સારું કરવું એ પ્રસન્નતાનો માઈલસ્ટોન છે અને સારા બનવું એ પ્રસન્નતાની મંઝિલ છે. પ્રસન્ન રહેવા માટે પૈસા, પુણ્ય, પરિવાર, પદ કે પ્રતિષ્ઠા પાછળ ગમે તેટલા દોડતા રહીએ પરિણામ શૂન્ય જ રહેશે. પારાવાર પ્રેમને આપણા હૃદયમાં પ્રતિષ્ઠિત કરીએ. શૂન્યમાંથી સર્જન હાથવગું રહેશે.

### દાન ગંગાની સરિતા :

દાતા પરિવારો તરફથી દાનગંગા સતત વહેતી રહી છે. સંસ્થાએ શૈક્ષણિક લોન માટે શરૂ કરેલ રીવોલ્વીંગ ફંડ (એજ્યુકેશન)માં અવિરત સહાય મળતી રહી છે. હજી થોડી વધુ મહેનત અને સ્વેચ્છાને મોકળાશ છે. ડંક મહેતાના પાડાના **શ્રી વિક્રમભાઈ રસિકલાલ શાહે સ્વ. શ્રીમતી રોહિણીબેન વિક્રમભાઈ રસિકલાલ શાહ**ના સ્મરણાર્થે સંસ્થાને તેના રીવોલ્વીંગ ફંડ ખાતે રૂા. ૫ લાખનું દાન આપેલ છે. તેઓશ્રીના પરિવાર પ્રત્યે સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે અને ભૂરી ભૂરી અનુમોદના કરે છે. વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ અંતર્ગત **શ્રીમતી પન્નાબેન દિલીપભાઈ ઝવેરી** (તંબોલી વાડો) તથા **શ્રીમતી સ્મિતાબેન અરવિંદભાઈ ઝવેરી** (તંબોલી વાડો) પ્રત્યેક દ્વારા રૂા. ૧ લાખ સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓની પણ આભારી છે.

### વસતી પત્રક તથા યુવા-યુવતિ પરિચય પુસ્તિકા :

**આપ સૌને વિદિત છે જ કે મે તથા જુન માસના પ્રતિબિંબમાં વસતી પત્રક તથા યુવા-યુવતી પરિચય માટેના ફૉર્મ છાપવામાં આવેલ જે સંપૂર્ણપણે ભરી તા. ૧૫–૭–૨૦૧૨ સુધી સંસ્થાના કાર્યાલયમાં પહોંચાડવાના હતા. ફરી ફરીને આપ સૌને અમારી નમ્ર વિનંતિ છે કે હજુ સુધી આપે ફોર્મ્સ ન મોકલાવ્યા હોય તો આપની નૈતિક અને સામાજિક ફરજ સમજી તાત્કાલિક મોકલી આપશો. જેથી છાપકામ સત્વરે શરૂ કરી શકાય અને સમય મર્યાદા જાળવી શકાય.**

### શ્રી બી. ડી. સાર્વજનિક વિદ્યાલય :

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય** (પાટણ) નવ નિયુક્ત **આચાર્ય શ્રી બળદેવભાઈ આર. દેસાઈ**ના નેતૃત્વ હેઠળ હકારાત્મક અભિગમ સાથે નવા વાઘા પરિધાન કરી રહી

છે. સંસ્થા તરફથી હું **શ્રી બળદેવભાઈને** આવકારી અભિનંદન પાઠવું છું. ગયા વર્ષમાં શાળાના શૈક્ષણિક ક્ષેત્રે અદ્ભૂત પરિણામ બદલ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકગણને અભિનંદન આપીએ તેટલા ઓછા છે. વિદ્યાલય સમિતિના મંત્રીઓ **શ્રી યશવંતભાઈ ઝવેરી** તથા **શ્રી દિનેશભાઈ શાહ** શાળાની અનેકવિધિ પ્રગતિ માટે સુંદર કાર્ય કરી રહેલ છે તેઓને પણ સંસ્થા બિરદાવે છે. આભાર!

**❑ ભરત દલપતભાઈ શાહ**
ઉપપ્રમુખ

**તા. ક. : પ્રમુખશ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ વિદેશ પ્રવાસે ગયેલ છે.**

## સાધર્મિક સહાય યોજના
## જનસંપર્ક અભિયાન
### ( HELP LINE )

મે-૨૦૧૨ના પ્રતિબિંબમાં ઉક્ત યોજના અંગેની વિગત આપવામાં આવેલ છે. આ યોજના અનુસાર આકસ્મિક બિમારીમાં સપડાયેલ જરૂરતમંદ સભ્યો માટે તત્કાલ હૉસ્પિટલમાં દાખલ થવા રૂા. ૧૦,૦૦૦/- સમયના વ્યય વગર ભરવામાં આવશે.

સંપર્ક : **શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ** (ઘર) ૨૬૦૫ ૬૩૨૨ (ઑફિસ) ૨૪૩૧૩૭૫૭ મોબાઈલ : ૯૭૬૯૬૪૨૫૪૪

## શ્રી પાટણ જૈન મંડળ
### પ્રોગ્રામ સમિતિ આયોજિત
### શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પ્રેરિત
## છવ્વીસમો સમૂહલગ્ન સમારોહ

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે છવ્વીસમા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક :** સંવત-૨૦૬૯, પોષ વદ-૬
શનિવાર તા. ૦૨-૦૨-૨૦૧૩. **સમય :** સાંજના

સમૂહ લગ્નમાં જોડાવવા અંગેના ફોર્મ તા. ૧-૮-૧૨ થી મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦-૧૦-૨૦૧૨ છે.**

**વધુ માહિતી માટે સંપર્ક :**
**શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય-૨૨૮૧૧૩૪૬**

**❑ પ્રોગ્રામ સમિતિ**

## તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન

એસ.એસ.સી., એચ.એસ.સી. કૉલેજ લેવલ, ડીગ્રી ડિપ્લોમા કોર્ષ તેમજ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરિક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે, તેઓને મંડળ તરફથી પારિતોષિક તથા મેરીટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે. સદરહુ પારિતોષિક મેળવવા માટે વિદ્યાર્થીઓએ સંસ્થાએ નિયત કરેલ અરજીપત્રક ભરવાનું હોય છે. જેની સાથે છેલ્લી પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ કોપી બીડવાની હોય છે. તે મુજબ સદરહુ પ્રાઈઝ મેળવવા અંગે ઘણા વિદ્યાર્થી મિત્રોએ તેમના ફોર્મ ભરીને મોકલી આપેલ છે. જો આપનું ફોર્મ ભરવાનું રહી ગયું હોય કે પરિણામ હવે આવેલ હોય તો વહેલામાં વહેલી તકે તે અંગેનું અરજીપત્રક સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરી **તા. ૩૧-૮-૨૦૧૨** સુધીમાં મોકલાવી આપવા વિનંતી.

**નોંધ : કાર્યાલય ખાતે ભરાઈને આવેલ અરજીપત્રક મુજબ જ ગુણવત્તાના ધોરણે પ્રાઈઝ એનાયત કરવામાં આવશે.**

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો ઉચ્ચ અભ્યાસ કરનાર, પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક **રૂા. ૧૦,૦૦૦/-** ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. તદ્અનુસાર આ વર્ષે બીઝનેસ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈ.એ.એસ. અથવા ડૉક્ટરેટ પીએચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુશન કોર્ષમાં ઊત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગે અરજીપત્રક મંગાવવામાં આવે છે. મંડળના કાર્યાલયમાંથી આ અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરીને **તા. ૩૧-૮-૨૦૧૨** સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે જે આપને વિદિત થાય.**

**❑ શિક્ષણ સમિતિ**

SHREE PATAN JAIN MANDAL
Connect with Community, Connect with World

**Join us on facebook page**
Stay connected with us during the 100th year of Shree Patan Jain Mandal for news and events updates.
We also invite you to share your experiences with us.

LIKE US ON FACEBOOK
Find me on Facebook

Visit our website@www.patanmandal.org

## તંત્રીસ્થાનેથી...

# ગુજરાતના સર્વાંગી વિકાસથી બદલાતા સમીકરણો...

વર્ષો પહેલાં આપણા વડીલો પાટણથી નોકરી / ધંધા અર્થે મુંબઈ-મદ્રાસ-કલકત્તા તથા અન્ય શહેરોમાં ગયા અને સ્થાયી થયા. છેલ્લા થોડા વર્ષોથી ઉપર્યુક્ત કારણોસર ગુજરાતથી અન્ય શહેરોમાં જઈ સ્થાયી થવાનો પ્રવાહ નહીવત થયો છે, જે માટે રાજ્યમાં શરૂ થયેલ ઔદ્યોગિક, શૈક્ષણિક તેમજ કૃષિક્ષેત્રમાં વિકાસની પ્રક્રિયા કારણભૂત છે. આજ કારણોસર આજે અન્ય રાજ્યોમાંથી લોકો રોજગારી અર્થે ગુજરાતમાં આવતા થયા છે. રાજ્યની સમૃદ્ધિની એટલે કે આમ પ્રજાની સમૃદ્ધિ વધવાથી સામાજીક સમીકરણોમાં કેવા સુખદ સરાહનીય બદલાવ આવ્યા છે એ દર્શાવવા થોડા મહિના પહેલાનું દૃષ્ટાંત જણાવવું આવશ્યક છે.

મહેસાણા જીલ્લામાં 'લીંચ ગામ'ની પાંજરાપોળમાં વધુ પશુઓનો નિભાવ કરવા તેમજ ઘાસચારા અને અન્ય તબીબી સગવડો વધારવા આર્થિક ફંડની જરૂર હતી. આવી પરિસ્થિતિમાં સામાન્ય રીતે સંસ્થાના સંચાલકો શહેરો તરફ નજર માંડી 'જીવદયા' માટે ટહેલ નાખી આર્થિક જરૂરિયાત પૂરી કરવા પ્રયત્નો કરે.

હાલ બદલાયેલી પરસ્થિતિને ધ્યાનમાં રાખી **લીંચ પાંજરાપોળ**ના સંચાલકોએ સહાયના જુદા સ્ત્રોત ઉભા કરવા તેમજ પાંજરાપોળના પરિઘમાં વસતા ગામવાસીઓમાં સંસ્થા પ્રત્યે જાગૃતિ લાવી, આત્મિયતા વધારવાના ઉદ્દેશથી લીંચ ગામના સ્થાનિક તેમજ મુંબઈના કાર્યકરોએ સાથે મળીને ૫૦ સ્વયંસેવકોનું ગ્રુપ બનાવી વ્યવસ્થિત તૈયારીઓ કરી ગત ઉતરાયણના સમયે પાંજરાપોળ માટે ત્રણ દિવસનું અભિયાન કર્યું જે દરમ્યાન સંસ્થાની આસપાસના સંખ્યાબંધ ગામડાના સરપંચોનો સંપર્ક કરાયો. સરપંચોના સાથ-સહકારથી ગામડાના સાધન-સંપન્ન ખેડૂતો-વ્યાપારીઓ તેમજ બુદ્ધિજીવીઓનો સંપર્ક કરી પાંજરાપોળની પરિસ્થિતિ અને ભવિષ્યના પ્લાન-પ્રોજેક્ટો બાબત સૌને માહિતગાર કર્યા.

દુકાળના સમયે ખેડૂતો-ભરવાડો તથા અન્યોના ઢોરો પાંજરાપોળ સાચવતી હોવાથી તેઓ પાંજરાપોળના ઋણી હોય છે, એમને હૈયે જીવદયાની લાગણી ઘણી પ્રબળ હોય છે. રાજ્યના વિકાસ કાર્યક્રમોને લીધે શૈક્ષણિક તેમજ કૃષિ ક્ષેત્રે સમૃદ્ધ ગામવાસીઓએ કાર્યકરોને મૂંગા પશુ-પક્ષીઓ માટે ઘાસ તેમજ અનાજનો મબલખ પૂરવઠો તો આપ્યો પરંતુ આ ત્રણ દિવસ દરમ્યાન કાર્યકરો રૂ. ૩૦ લાખથી પણ વધુ રકમ પાંજરાપોળના પ્રોજેક્ટ માટે ભેગી કરી શક્યા..!!

આવા સકારાત્મક અભિગમ અને અનુભવને ધ્યાનમાં રાખી આ વર્ષે **'રાધનપુર ખોડાઢોર પાંજરાપોળ'ના ટ્રસ્ટી શ્રી હિમાંશુભાઈ કોઠારી**ના નેતૃત્વ હેઠળ કાર્યકરોની સાથે રાધનપુર આસપાસના ગામડાઓમાં પાંજરાપોળ માટે જાગૃતિ લાવી સહાય તેમજ સહકાર મેળવવા ત્રણ દિવસના જાગૃતિ અભિયાનનું આયોજન કરી રહ્યા છે જેથી તેઓ પાંજરાપોળમાં પશુઓને રાખવાની ક્ષમતા વધારી પૂરતો ઘાસ-ચારો આપી અશક્ત અને અપંગ પશુઓની સારી રીતે માવજત કરી શકે.

**સંસ્થાના સંચાલકોમાં નિસ્વાર્થપણું હોય, સેવાની તમન્ના હોય, સરળતા અને ઉદારતા હોય, હૃદયમાં એક સ્વપ્નું અને સ્પષ્ટ લક્ષ્ય હોય તો સમાજમાં એનો પડઘો પડે જ છે.**

લીંચ ગામની પાંજરાપોળે ગુજરાતની અન્ય સંસ્થાઓને નવો સરાહનીય તેમજ અનુકરણીય માર્ગ ચીંધ્યો છે તે માટે રાજ્ય શાસનની સાથે સરપંચો તેમ જ સંચાલકો અને નિસ્વાર્થભાવે સેવા આપતા કાર્યકરો ધન્યવાદને પાત્ર છે!!

X X X

સંપત્તિ ક્ષેત્રે જેનો ભૂતકાળ સદ્ધર હોય છે અને સંપત્તિ ક્ષેત્રનો વર્તમાનકાળ દુઃખી કરે એ સંભવિત છે પણ સત્કાર્ય ક્ષેત્રે જેનો ભૂતકાળ સદ્ધર હોય છે અને સત્કાર્ય ક્ષેત્રનો નબળો વર્તમાનકાળ વ્યથિત કે હતાશ કરે એ સંભવિત નથી. જીવ માત્રના દુઃખને દૂર કરવાની, સમજવાની, સાંભળવાની અને સ્વીકારવાની તૈયારી હંમેશ રાખવી જોઈએ. સુખ-દુઃખ ક્ષેત્રે માનવીના ચહેરા જાહેરમાં અને ખાનગીમાં સમાન હોય છે. પરંતુ ધર્મ-અધર્મ ક્ષેત્રે, હિત-અહિત ક્ષેત્રે જાહેરમાં અને ખાનગીમાં માનવીના ચહેરા અલગ અલગ હોય છે.

પતન માટે માત્ર ઈચ્છા જ પર્યાપ્ત છે જ્યારે ઉત્થાન માટે ઈચ્છા અને સાધના બન્નેનો સમન્વય આવશ્યક છે. સાધનામય જીવન વિના સમાધિ મરણ શક્ય નથી. મોજશોખ અને કાવાદાવામય જીવન સાથે શાંત અને સમાધિ મૃત્યુની અપેક્ષા એક ભ્રમણા અને છલના જ છે. મૈત્રી, ભક્તિ અને પ્રીતિને જીવનમંત્ર બનાવશું તો મૃત્યુનો ભય પણ નહીં રહે. જે સમજણ કેવળ બુદ્ધિને જ સ્પર્શે છે એ સમજણ ક્યારેક જીવન પરિવર્તનનું કારણ બનતી નથી અને જે સમજણ હૃદયને પણ સ્પર્શે છે એ સમજણ જીવન પરિવર્તનનું કારણ બન્યા વિના રહેતી નથી.

*સમાજની સમૃદ્ધિ માટે સમાજનો યુવાવર્ગ શિક્ષિત હોય તે આવશ્યક છે. આર્થિક સંકડાશના લીધે સમાજના યુવાવર્ગની શૈક્ષણિક કારકીર્દિનો અંત ન આવે તે જોવાની આપણા સૌની નૈતિક ફરજ બની રહે છે.* ***શ્રી પાટણ જૈન મંડળે*** *આ ઉદ્દેશને પહોંચી વળવા શૈક્ષણિક `Revolving Fund' ની યોજના શરૂ કરેલ છે. જેના પ્રતિસાદરૂપે શૈક્ષણિક લોન માટે ઘણી અરજીઓ આવે છે પરંતુ દાતાઓ તરફથી આ યોજનાને ધીરે ધીરે પ્રતિસાદ મળી રહ્યો છે. દાતાઓના પ્રતિસાદમાં વેગ લાવવાની જરૂર છે. મંડળના કાર્યકરો આ માટે દાતાઓના સંપર્કમાં છે જ છતાં પણ કોઈ દાતાને આ વિશે વધુ માહિતીની જરૂર હોય તો મંડળના કાર્યાલયમાં* ***શ્રી મનુભાઈ જોશી****નો સંપર્ક કરે. કાર્યકરો રૂબરૂ મળી `Revolving Fund' તેમ જ અન્ય પ્રવૃત્તિઓ માટે આપને માહિતગાર કરશે. `Revolving Fund' આર્થિક રીતેસદ્ધર હશે તો સમાજના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક Loan લેવા અન્ય સંસ્થાઓ પાસે નહીં જવું પડે.*

ઓળખાણ એક અલગ વાત છે અને ચાહત એ અલગ વાત છે. આપણને કેટલા જણા ઓળખે છે એ જેટલું મહત્ત્વનું છે એના કરતાં આપણને કેટલા જણા ચાહે છે એ વધુ મહત્ત્વનું છે. ઘડિયાળમાં ગતિ કરી રહેલ સેકંડનો કાંટો આપણા જીવનને સતત ઓછું કરી રહ્યો છે અને એ જ જીવનનું કડવું સત્ય છે. જીવનનું લક્ષ નિશ્ચિત કરો. અંતે એ જ તમને ઉગારશે. હાથે કરશો તે જ સાથે આવશે, તાત્પર્ય સંસ્થા અને સમાજ પ્રત્યેનો આપણો ઋણ સ્વીકાર કરવાના અવસરને ઊજવી લેવાનો!

*चलो चलें हम जनसेवा में जीवन ये बलिदान करें।*
*मानव देह मिला है हमको मानव का कल्याण करें।।*

**☐ સંપાદક સમિતિ**

# આપણી સંસ્કૃતિની ધરોહર સમા જૈન ચૈત્યોની જાળવણીનો 'ગંભીર પ્રશ્ન'

આપણી માતૃભૂમિ પાટણની પાવન ધરા પર પૂર્વજોએ આપેલા ચૈત્યોની જાળવણીના પ્રશ્નને આપણે ક્યારેય ગંભીર ગણ્યો છે ખરો ? પાંચમો આરો કઠણ છે, 'ધર્મ કરશે એ તરશે.' એવું સાંભળીએ છે, જાણીએ છીએ, સમજીએ પણ છીએ ક્યારેક વાર તહેવારે સામાજીક કામે પાટણ જઈએ ત્યારે સમય મળતા દર્શન-પૂજા કરીએ છીએ. સાલગીરી માટે કેટલાક વિરલા દર વર્ષે પાટણ જાય છે, તો પાંચ વર્ષે ભવ્ય ઓચ્છવ ઉજવી સ્વને ધન્ય ધન્ય માનીએ છીએ. પુર્વજોએ સ્થાપેલ આત્માની ઉન્નતિના પ્રતીક સમા ચૈત્યોને આમ પ્રાસંગિક યાદ કરી ગૌરવ અનુભવીએ છીએ. પણ આ તો ઉપરછલ્લા-છીછરા પ્રયત્નો છે.

**જાગો-જૈનો જાગો; જાગો પટ્ટણીઓ જાગો.** આપણે આર્થિક, સામાજીક તથા કૌટુંબિક ક્ષેત્રે, અરે ખુદ પોતાના જીવનની સુખ-શાંતિ માટે કેટ-કેટલું પ્લાનિંગ કરીએ છીએ. પણ આ બાબતમાં કેમ કંઈ વિચારતા નથી. કોઈ સઘન આયોજન કરતા નથી.

પાટણ એટલે શ્રી કલીકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય તથા શ્રી કુમારપાલ મહારાજાનુ પાટણ. જેમના સમયમાં જૈન ધર્મનું કેન્દ્ર, મધ્યબિંદુ બન્યું હતું. જે મહારાજા રોજ એક દેરાસરનું ઘડતર કરતા એમની આ ધરોહરના આપણે રક્ષણકર્તા. શું રક્ષા કરીએ છીએ ? પાટણમાં આપણા પૂર્વજોએ ઘણી જ મહેનત કરી આ દેરાસરો બનાવ્યા. આજે એની શું દશા છે. શેરી-મહોલ્લા ખાલી ને દેરાસરો પુજારીના હવાલે સોંપી બધા પાટણ બહાર જઈ વસ્યા. અર્થોપાર્જન માટે જે જરૂરી હતું. જેમ આપણે આપણા મા-બાપને ભુલતાં નથી તેમ સર્વના કલ્યાણકારી પ્રભુજીને કેમ વિસરાય ? હા, વરસમાં એકાદ કે બેપાંચ દિવસ જઈએ. બાકીના દિવસો પુજારીના હવાલે. શું આપણે આપણા મા-બાપને આ રીતે ભુલી જઈએ છીએ, કે ઘરડા ઘરમાંકે કોઈના ભરોસે મુકીને આવીએ છીએ ? ના. તો આ તો આપણા પુજનીય આરાધ્ય દેવ, કે જેની અમીદૃષ્ટિથી આપણે આટલા સાધન સંપન્ન થયા.

આપણને સર્વને જાણ તો છે જ પૂજારી કેવી રીતે પક્ષાલ-પૂજા કરે છે. એ પણ શું કરે ? આજના સમયમાં ટૂંકા પગારમાં એનો જીવનનિર્વાહ ન થતો હોય એટલે એ ચાર-પાંચ દેરાસરોમાં પુજા કરવા જાય, કરવું જ પડે. યંત્રવત પુજા-પક્ષાલ-આરતી કરે; પછી એમાં આશાતના સિવાય બીજું શું થાય ? જાગો અને ઘોર આશાતનાથી બચો, અને મિથ્યા ભ્રમમાં ના રહો કે અમે કેવી સુંદર વ્યવસ્થા કરી છે. જ્યાં પુજારી પોતાની કૌટુંબિક જવાબદારી સંભાળવા સક્ષમ ન હોય. ત્યાં આના સિવાય બીજું શું થાય ?

અરે આના કરતાં ઘરડાઘરમાં વૃદ્ધો સારી રીતે સચવાતા હશે. આનો ઉપાય શું ? બહુ જ સરલ-અમલમાં મૂકી શકાય તેવો છે. એ પણ આપણી અર્થોપાર્જનની વ્યવસ્થાને લેશમાત્ર પણ હાની પહોંચાડ્યા વગર.

પ્રત્યેક મહોલ્લામાં શારિરીક રીતે સક્ષમ સિનિયર સિટીઝન્સ હોય છે. દરેક મહોલ્લામાંથી આવા નહીં નહીં તો ૧૦ કપલ હશે. આપણે એમાંથી પણ ઓછી પ્રવૃત્તિ કરતા અથવા તો અર્ધરીટાયર કપલો ૫ જેટલા તો મળી જ શકે. વર્ષના મહિના બાર, દરેક મહોલ્લામાંથી બબ્બે કપલ ૧૫ દિવસ અથવા તો મહિનો ફાળવીને પાટણ રહેવા જાય; તો આ બધું જ સચવાઈ જાય. આના પણ ઘણા જ ફાયદા છે. ઘર સચવાય, સુધરાઈના વેરા ટાઈમસર ભરાય, અને સ્વાસ્થ્ય સચવાય. સરીર રિચાર્જ થઈ જાય. પ્રભુ ભક્તિ થાય એ નફામાં. પૂજારી પણ વ્યવસ્થિત કામ કરતા થાય. દરેક મહોલ્લામાં પણ આ રીતે બધા ભેગા મળી મનથી નક્કી કરે અને વારાફરતી, એક પછી બીજા એમ જાય તો બધાને એકબીજાનો સધિયારો રહે. એકવાર મનથી મક્કમ થઈ પ્રયાસ કરશો તો ખરેખર આનંદ થશે.

ઘણાના મનમાં એક પ્રશ્ન ઉઠશે. પાટણ કરશું શું ? ટાઈમ કેવી રીતે જશે ? હવે પાટણ પહેલા જેવું નથી. બીજું ટી.વી.ની બધી જ ચેનલો ત્યાં પણ આવે છે. માટે મનોરંજન માટે સવાલ નથી. સવારે પ્રભુ ભક્તિ, બપોરે આરામ, સાંજના બહાર ફરવા સાથે પંચાસરજી-શામળાજીના દર્શન. સમય પસાર. બાજું કદાચ માંદે-સાજે શું કરવું ? ડૉક્ટરો ઘણા જ



Advt.

સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ

સારા છે. મોટું મેડિકલ સેન્ટર છે પાટણ. હૉસ્પિટલો પણ સારી છે. હા મુંબઈ જેવી નહીં હોય પણ જરૂરત પુરી પાડી શકે એવી તો છે જ. ખાવા-જમવાની સરસ વ્યવસ્થા જૈન ભોજનશાળા છે. એક-બે બહેનો પણ જમાડે છે. ટિફિનની પણ વ્યવસ્થા છે. ઘરે બનાવો તો એના જેવું ઉત્તમ કંઈ જ નથી. દરેક મહોલ્લામાંથી આ રીતે વિચાર કરીને બધા આવે તો Common રસોડાની વ્યવસ્થા પણ થઈ શકે. મહોલ્લે-મહોલ્લે આવેલા વડીલોની એકબીજાની કંપનીમાં સમય પસાર થાય. સામુહિક નવા-જૂના તીર્થોનો યાત્રાપ્રવાસ, સામાજીક મેળાવડા કે ધાર્મિક અનુષ્ઠાન ઉજવી શકાય. વારંવાર મળવાથી એકબીજાના વિચારોનું અનુભવોનું આદાન-પ્રદાન થતાં કોઈ રચનાત્મક પ્રવૃત્તિ પણ ઉદ્ભવી શકે; વિશેષમાં ઉપાશ્રયોમાં બિરાજમાન સાધુ-સાધ્વી ભગવંતોના સંપર્કમાં આવવાથી ધાર્મિક સંસ્કારો પણ જાગે. આમ નિવૃત્તિ પ્રવૃત્તિમય બની શકે. વડીલો જો પાટણ જઈ એક માસ માટે રહે તો એમના પરિવારના સભ્યો–પુત્ર-પુત્રવધૂ-પુત્રી વગેરેને બે-ત્રણ દિવસ માટે આવવાનું મન થશે. આમ પછીની પેઢી પણ આવતી થશે.

**મન હશે તો માળવે જવાશે,** એમ આ દિશામાં મનથી મક્કમતા કરી આગળ વધીએ. શરૂઆતમાં બે-ચાર દિવસ આકરૂં લાગશે. **આજે યોગ છે, સંયોગ છે, સંકલ્પ કરો. સ્વનો તો કાયાકલ્પ થશે જ, પણ શેરી મહોલ્લાઓનો પણ કાયાકલ્પ થશે. જુના ઘરો ઉઘડશે, નવા બંધાશે, આમ પોળે-પોળે પ્રાણ ફુંકાશે. આજે પ્રાસંગિક જઈએ છીએ, એ આવતી કાલે પ્રણાલિકા બનશે ને સમય જતા એ પરંપરા બની જશે.**

'નિવૃત્તિ તો માદરે વતનમાં', પ્રવૃત્તિ તો પાટણમાં જ. ને આત્માની ઉન્નતિ પણ ત્યાં જ.

*'પ્રભુ તેં જે મને આપ્યું , એને કેમ કરી વાળું,*
*બસ, ભક્તિ કરી કરીને, મારા મનડાને વાળું !'*

**☐ કૌશિક ઝવેરી (ફેન્સી)–ગિરીશ શાહ**

## મૌન પડઘાય છે

*લાગણીના લયે લહેરખી લહેરાય છે,*
*વણથંભ્યા વિયોગે વખત વહેરાય છે;*
*પવનના પંથે પદચિન્હો પથરાય છે,*
*આકાર નિરાકારના નભમાં નિર્માય છે!*

*સાથે સાન્નિધ્યે સર્જેલ સોણલા સોહાય છે,*
*ભીતરની ભવ્યતા અવિરત સ્પર્શાય છે,*
*સત્કાર્યે સુવાસની સરવાણી સર્જાય છે;*
*નથી છતાં, ધબકાર તારો સંભળાય છે!*

*સ્મૃતિની બારાખડીમાં હૈયા નંદવાય છે,*
*પંક્તિમાં પ્રતિક્ષા ભર્યું મૌન પડઘાય છે;*
*વરસતા ફોરામાં દરિયો ડોકાય છે,*
*એકાંતના અસ્તિત્વમાં આંખો છલકાય છે!*

*નિરવ પ્રેમનો પગરવ સંભળાય છે,*
*તારી એક્ઝિટથી શૂન્યાવકાશ સર્જાય છે;*
*વર્ષોનું આવાગમન ક્ષણાર્ધે ફંટાય છે,*
*સ્મૃતિ બિંદુઓ સિંધુ બને કે'વાય છે!*

*પ્રત્યેક પ્રસંગે ગેરહાજરી વર્તાય છે,*
*મનને મારી મનાવી જિંદગી જીવાય છે;*
*ક્ષિતિજની પાર નવા સંબંધો બંધાય છે;*
*પૂનર્જન્મે મળવાનો નિશ્ચય નિર્માય છે!*

**☐ મ. ને.**


# યુનિવર્સલ મેટલ કોર્પોરેશન

**કાંસુ બુદ્ધિ વધારનારું છે. (कांस्यम् बुद्धिवर्धकम् – भालप्रकाश) એ સિવાય પણ કાંસાના ઘણા ગુણો બતાવેલા છે. કાંસુ એટલે શું ? કાંસુ બે ધાતુનું મિશ્રણ છે, આયુર્વેદના રસતરગિણી ગ્રંથમાં જે માપ બતાવ્યું છે એ પ્રમાણે ૭૮ થી ૮૦ % તાંબુ + ૨૨ થી ૨૦ % કલાઈ = કાંસુ. શુદ્ધ કાંસાની પરીક્ષા કેવી રીતે થાય ? તેના રણકાર અને દહીં ને અમુક સમય રાખીને જાણી શકાય. લેબોરેટરી ચેસ્ટ કરીને પણ જાણી શકાય છે.**

**વપરાશ : હાલ શ્રીપાલ નગર જૈન સંઘ, ચંદનબાલા, મુલુંડ, ગિરિવિહાર-પાલિતાણા, ઓગણજ જૈન સંઘ તથા હિરજીભાઈ, ધનજીભાઈ, દુર્ગાપ્રસાદ વિગેરે રસોઈયા વાપરે છે. છ'રી પાલિત સંઘો, નવ્વાણુ યાત્રા, ઉપધાન તપ, લગ્નપ્રસંગો જેવા નાના મોટા ઘણા પ્રસંગોમાં આપેલ છે.**

**સંપર્ક સૂત્ર : વિરલ અમિતભાઈ શાહની પેઢી (વાસુપૂજ્યની ખડકી, પાટણવાળા)**

**અમદાવાદ : ફોન : ૦૭૯-૨૬૬૫ ૧૧૬૬/૧૧૪૪.**

**મુંબઈ–પારસ મેટલ–કાલબાદેવી : ફોન : ૦૨૨-૨૨૪૨૧૫૯૧ ● કૌશલ શાહ મો. : ૯૮૨૧૫૩૫૧૫૨**

Advt

# આનંદ અને સ્વીકાર

કોઈકે વિચારકે સાચું જ લખ્યું છે...

'જે ગમે, ને મળી જાય, તે સુખ...

જે મળે, ને ગમી જાય, તે આનંદ'

અર્થાત્ જીવનમાં જે પણ મળે, જેવી પણ પરિસ્થિતિ મળે, જેવું જીવન મળે તેનો સ્વીકાર કરી જીવનને ગમાડવું, જીવનને પ્રેમ કરવો તેમાં જ આનંદ સમાયેલો છે, બાકી તો તેના અસ્વીકારથી જીવનનો આનંદ છિનવાઈ જાય છે. આનંદ, ઉલ્લાસ, પ્રસન્નતા તે આત્માના રમણીય મૂળ સ્વભાવ છે. જ્યારે દુઃખી થવું કે દુઃખી રહેવું તે માનવ સર્જિત મનની મલિનતા છે. આ મલિનતા તે આપણા 'હું' પણાના અહંકાર, બીજાં પ્રત્યેની ઈર્ષ્યા, ભય, નિંદા, દ્વેષ, અન્યો પાસેથી રાખેલી અપેક્ષાઓ ભાંગવી, અસંતોષ અને છેલ્લે હકીકતના અસ્વીકારથી ઉત્પન્ન થાય છે.

આનંદ અને અસ્વીકાર એ સિક્કાની બે બાજુ છે, પરંતુ આપણે સ્વીકારની બાજુને મલિનતાની સહીથી અને અસ્વીકારથી દુઃખમાં ચિત્રી નાંખીએ છીએ.

જીવનમાં એવા ઘણાં લોકોને મળવાનું થાય છે કે તેઓ ગમે તેવા ખરાબ સમયમાં બીજીઓનો દોષ ન કાઢતા હંમેશાં હસતા ચહેરા સાથે આનંદ અને ઉલ્લાસથી જીવન જીવતા હોય છે. તેનું મૂળ કારણ પરિસ્થિતિનો સ્વીકાર. કાળક્રમે જીવન હંમેશા બદલાતું રહે છે, પરંતુ તેઓ હંમેશાં તેમાંથી આનંદના ફૂલ અને આનંદની પળો ચુંટતા હોય છે, અને વર્તમાન પળનો ભરપુર આનંદ ઉઠાવતાં હોય છે.

તમો સવાલ કરશો કે આ લખવું બહુ સહેલું છે, જેના પર વીતે તેને ખબર પડે. હા, હું તમારી સાથે સહમત છું, મળેલી પરિસ્થિતિનો સ્વીકાર કરી જીવનમાં આનંદિત રહેવું અઘરું છે પણ અશક્ય નથી.

જો આપણે આપણાં સ્વભાવમાં મક્કમતાથી, મનની સ્થિરતાથી પ્રતિકુળ પરિસ્થિતિમાં પણ પોઝિટીવ વિચારને પોષી, તેનો સ્વીકાર કરી, ધીમે ધીમે સ્વભાવમાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન ચાલુ રાખશું અને જીવનમાં, કુટુંબમાં, સમાજમાં અનુકુળ વાતાવરણનું નિર્માણ કરશું અને તે રીતના જીવશું તો દુઃખ જેવો શબ્દ જીવનમાં ક્યારેય પ્રવેશશે નહિ. સ્વીકાર એ જ સુખ છે. સ્વીકાર એ જ જીવન પ્રત્યેનો પ્રેમ છે, સ્વીકાર એ જ આનંદ છે, સ્વીકાર એ જ સમતાભાવ છે. સ્વીકારથી જ વિશ્વના દરેક આત્માઓ સાથે પ્રેમનો નાતો બંધાય છે અને તેમાં જ જીવન આનંદ છે. જીવનમાં હંમેશા બીજાને પ્રેમ અને આનંદ પીરસતા રહો, તથા શક્ય હોય તો જીવ માત્રને નિસ્વાર્થ ભાવે મદદરૂપ થવાનો પ્રયત્ન કરતા રહો. આ અનુભવથી જરૂર લાગશે કે ભગવાને આપેલું આ જીવન રોજ, પળેપળ આનંદના નવા નવા શિખરો સર કરી રહ્યું છે.

**☐ શ્રી અતુલભાઈ કીર્તિલાલ શાહ**

**શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ આયોજીત**

## શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન

મેઘાગમનની સાથે મનશુદ્ધિ પર્વનો અવસર પણ દર વર્ષે આવે છે, જેમાં જપ-તપ-ધર્મ આરાધના કરી અંતરને નિર્મળ બનાવાય છે. ચાલુ સાલે આપણા સદ્‌ભાગ્યે ચાતુર્માસ પણ પાંચ માસનું સાંપડ્યું છે જેથી સમકિત જ્ઞાન શ્રવણ કરી આત્મશુદ્ધિ કરી શકાશે.

આવા મંગલમય અવસરે ભક્તિ સંગીત તથા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે. આપ સૌને પધારવા ભાવભીનું નિમંત્રણ છે.

**બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ : સવારે ૯-૦૦ કલાકે**

**ભક્તિ સંગીત : શ્રી શ્રેયાંસભાઈ અને સાથીવૃંદ**

વ્યાખ્યાન : સવારે ૧૦-૩૦ કલાકે સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ,૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦.

**☐ પ્રોગ્રામ સમિતિ**

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

| | કાયમી ઘાસ ફંડ | કાયમી નિભાવ ફંડ | કાયમી આધાર સ્તંભ ફંડ | કાયમી લાપસી તિથિ ફંડ | કાયમી પક્ષી માટે ચણ ફંડ | કાયમી શેડ ફંડ |
|---|---|---|---|---|---|---|
| સ્વ. નવીનચંદ્ર અંબાલાલ શાહ | — | ૫૧૦૦૦ | — | — | — | — |
| સ્વ. જયાબેન દીપકભાઈ કાલીદાસસ શાહ | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| જયકુમાર ભોગીલાલ સાંડેસરા | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| કીર્તિલાલ સોમચંદ શાહ | — | — | — | ૩૧૦૦૦ | — | — |
| વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ | — | — | — | ૩૧૦૦૦ | — | — |
| અમૃતલાલ મણિલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | — | — | — | ૬૫૦૦૦ | — | — |
| તુષાર જે. શાહ | — | — | ૨૦૦૦૦ | — | ૨૧૦૦૦ | — |
| સ્વ નીલિમા નલીનભાઈ શાહ | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| ભાવિન જિતેન્દ્ર શાહ | — | — | — | ૩૧૦૦૦ | — | — |
| પદ્માબેન પ્રવીણચંદ્ર શાહ | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| વસંત સી. પંડિત | — | — | — | ૩૧૦૦૦ | — | — |
| પ્રવીણાબેન પ્રદીપભાઈ રમણલાલ શાહ | ૧૮૦૦૦૦૦ | — | — | — | — | — |
| શ્રી જયવંતકુમાર નેમચંદ ગુંદરવાલા | — | — | ૨૧૦૦૦ | — | — | — |
| શ્રીમતી ભગવતી સોનાવાલા | — | — | — | — | — | ૧૦૦૦૦૦ |
| શ્રી ભુવન ભાનુ માનસ મંદિર ટ્રસ્ટ | — | — | — | — | — | ૧૦૦૦૦૦ |
| શ્રી નરેશ એન. શાહ | — | — | — | — | — | ૧૨૫૦૦૦ |
| શ્રી ચંદ્રકાંત ચીમનલાલ શાહ | — | ૫૧૦૦૦ | — | — | — | — |
| શ્રીમતી કાંતાબેન બાબુલાલ સાલવી | — | — | — | ૨૧૦૦૦ | — | — |
| | ૧૮૦૦૦૦૦ | ૧૦૨૦૦૦ | ૧૨૫૦૦૦ | ૧૮૯૦૦૦ | ૨૧૦૦૦ | ૩૨૫૦૦૦ |

સૌજન્ય : શ્રી રવીન્દ્ર શાહ ચેરિટેબલ ટ્રસ્ટ

**કુલ રૂપિયા ૨૫૬૨૦૦**

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

# વિદ્યાર્થી વિશેષ ખંતે ખીલવી ખિલનની ખુમારી

સંઘવીના પાડાના **સ્વ. સંગીતાબેન (શર્મિષ્ઠાબેન)** તથા **સ્વ. ચંદ્રકાંતભાઈ મુળચંદ શાહ**ની સુપુત્રી **સ્વાતિ**ના સુપુત્ર **ચિ. ખિલન શાહે** ઋજુ વયમાં જ અનેકાનેક સત્કાર્યો કરી જીવન ધન્ય બનાવ્યું છે. સમાજના માહ્યલાને વિકસિત કરવાનું અદ્ભુત કાર્ય કરવાની શક્તિ, વિનય, વિવેક, પ્રફુલ્લતા તથા જીવન પ્રેરક અને પોષક વૃત્તિ માટે સ્વાભાવિકપણે ધીર ગંભીર **માતુશ્રી સ્વાતિબેન**, શાળા કૉલેજના આચાર્યો, પ્રાધ્યાપકો તથા મિત્રોનો અદ્વિતીય સાથ અને સહકાર રહ્યો છે. સેવા અને સાધનાની કાર્યશક્તિની અનેરી આભા ભાઈ **ખિલન**ને ગળથુંથીમાંથી પ્રાપ્ત થતાં, તેને રત્નકુક્ષી માતાની કુખ ઉજાળી સ્વજનોને પ્રેમથી પખાળ્યા છે.

બાલ્યાવસ્થાથી જ રોપાયેલા ધાર્મિકના સંસ્કારો થકી ચાર વર્ષની ઋજુ વયે **શ્રી ભક્તામર સ્તોત્ર** તથા ત્યારબાદ **અરિહંત વંદનાવલી, પાંચ પ્રતિક્રમણ, અતિચાર, રત્નાકર પચ્ચીસી** વિગેરે તેને કંઠસ્થ કર્યા છે. **સેન્ટ જોસેફ હાઈસ્કુલ (વડાલા)**માં તેને પ્રારંભિક શિક્ષણ મેળવ્યું છે. શાળા તથા કૉલેજમાં વિવિધ રમતગમતમાં ખાસ કરીને **શ્રી પાટણ જૈન મંડળની ચેસ હરિફાઈ**માં આગળ પડતો ભાગ લીધો છે. **એસ.એસ.સી.માં ૮૮ ટકા તથા એચ.એસ.સી.માં ૮૭ ટકા** માર્ક સાથે ઉત્તીર્ણ થઈ વર્ષ ૨૦૧૨માં **એન.એમ. કૉલેજમાંથી બી.કોમ. ૭૮ ટકા** સાથે ડિસ્ટીંક્શન મેળવી ઉત્તીર્ણ થયેલ છે. **ઈન્ટર સ્ટેટ તથા ઈન્ટર નેશનલ સ્પર્ધા**માં પણ ભાગ લઈ તે સફળ રહ્યો છે. આઈ.પી.સી.સી. પ્રથમ તથા દ્વિતીય લેવલ પણ પરિપૂર્ણ કરી **ફાઈનલ સી.એ.**માં આવેલ છે. હાલમાં **લૉ કૉલેજ**માં અભ્યાસ કરે છે.

**એન એમ. કૉલેજ-રોટરેક્ટ કલબ :**

ઉક્ત કલબમાં **ચિ. ખીલનને** શૈક્ષણિક તથા સમાજ વિકાસના તેમજ ધર્મ, અભ્યાસ તથા સમાજ સેવાના ત્રિવિધ સંગમે અદ્ભુત માન મરતબો અપાવ્યા છે. પ્રથમ વર્ષમાં બેસ્ટ રોટરેક્ટ મેમ્બરનો એવોર્ડ, દ્વિતીય વર્ષમાં બેસ્ટ માર્કેટીંગ ડાયરેક્ટરનો એવૉર્ડ મેળવ્યો છે. આ જ વર્ષમાં વિવિધ પ્રવૃત્તિઓ માટે ફંડ રાઈઝિંગ સમિતિ દ્વારા રૂા. ૫ લાખનું ભંડોળ ભેગું કરવામાં તેનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો. **યુ.એસ. ઈન્ટરનેશનલ કલબ દ્વારા બેસ્ટ સેક્રેટરી, વાઈસ પ્રેસિડેન્ટનું નોમિનેશન** મેળવી **બેસ્ટ ઑલરાઉન્ડર રોટ્રેક્ટરનો એવૉર્ડ ડિસ્ટ્રીક્ટ ગવર્નર**ના હસ્તે મેળવ્યો હતો. ચોથા વર્ષે **બેસ્ટ પ્રેસિડેન્ટનો એવૉર્ડ ઈન્ટર નેશનલ પ્રેસિડેન્ટ શ્રી કલ્યાણ બેનરજી**ના હસ્તે તા. ૨૮-૪-૨૦૧૨ના રોજ મેળવ્યો હતો.

**ચિ. ખિલન**ના પ્રેસિડેન્ટ તરીકેના માર્ગદર્શન અને વડપણ હેઠળ **એન. એમ. કૉલેજને રોટરી કલબ મુંબઈ (વેસ્ટ)** દ્વારા ૮૦ રોટ્રેક્ટ કલબમાંથી દ્વિતીય નંબરનો (રનર્સ અપ) એવૉર્ડ તા. ૧-૭-૨૦૧૨ના રોજ મળ્યો હતો. આમ **રોટ્રેક્ટ કલબના નં. ૧ પ્રેસિડન્ટ થવાનું બહુમાન તે મેળવી શક્યો છે. ચિ. ખિલનના** હાથ નીચે ૨૦ સભ્યોની કોર કમિટી તથા ૩૫૦ અન્ય સભ્યોની બહોળી ટીમ હતી. તેમના આ વર્ષના કાર્યકાળ દરમ્યાન ઈન્ટરનેશનલ દિનની ઉજવણી માટે ફોરેનર્સને હોસ્ટ કર્યા હતા. ભારતના વિવિધ રાજ્યો તથા અન્ય દેશોના વિઝીટર્સો તેમને ત્યાં આવી ગયેલ છે તેમજ તેઓ પણ ત્યાં જઈ આવ્યા છે. સામાજિક અને સાંસ્કૃતિક વટ વ્યવહારનો બહોળો અનુભવ તેની અણમોલ પૂંજી છે.

વ્યવસાયિક ડેવલોપમેન્ટ, અનેકવિધ સેમિનાર્સ, સામાન્ય જ્ઞાન, ક્વીઝ કોન્ટેસ્ટ વિગેરેનું સુંદરતમ સફળતાપૂર્વકનું આયોજન કરી તેમાં તેણે ભાગ પણ લીધેલ હતો. કોમ્યુનિટી સર્વિસ હેઠળ તેઓએ વૃદ્ધાશ્રમ, બાળાશ્રમ, ઑર્ફનેજ કમ્યુનિટી આશ્રમ, બ્લડ ડૉનેશન, રોડ સેફ્ટી અને સ્વચ્છતા આયોજન વગેરે ભગીરથ કાર્યો કરેલ છે. ૩૫૦ નાના મોટા પ્રોજેક્ટ સાથે અત્યાર સુધી તેઓએ અંદાજે ૨૮ કોમ્યુનિટી પ્રોજેક્ટસ સફળતાપૂર્વક પાર પાડેલ છે. ઉક્ત સઘળા કાર્યોમાં વર્તમાન પત્રો, રેડિયો, મિડીયા પબ્લિસિટી. ટી. વી. તથા પબ્લિક રીલેશનનું તેઓ સારા પ્રમાણમાં કવરેજ મેળવી શક્યા છે. તેમણે સંબંધો સિંચ્યા છે, સાચવ્યા છે અને વિકસાવ્યા છે. ૨૦ વર્ષની વયમાં જ ભાઈ ખિલન પાસે એવૉર્ડ, પારિતોષિકો, સન્માન પત્રો, સિમાચિન્હો વિગેરેની વણથંભી વણજાર ખડકાઈ ગઈ છે. અત્યાર સુધી મેળવેલ ચંદ્રકો તેની કાર્યકુશળતા, સેવા અને સાધનાના યોગદાનના મૂક સાક્ષી છે. બદલાતા સમિકરણોને વિપરીત સંજોગો વચ્ચે શિક્ષણ અને સેવા બન્નેને અગ્રતાક્રમ આપી જીવન સંઘર્ષને ચેલેન્જ તરીકે સ્વીકારવાનું સંપૂર્ણ ધૈર્ય કેળવવા બદલ તેને અભિનંદન આપીએ તેટલા ઓછા છે પાટણના પરિવારની વ્યક્તિ તથા વિદ્યાર્થી તરીકે **શ્રી પાટણ જૈન મંડળ** તથા સમસ્ત સમાજને તેની સિદ્ધિઓ બદલ અભિમાન છે. ભાઈ ખિલન પ્રગતિના અનેકાનેક સોપાન સર કરી વધુ ને વધુ સફળતા પ્રાપ્ત કરે અને સંસ્થાને ઉપયોગી થઈ ઋણ સ્વીકાર દૃષ્ટિ હૈયે રાખે એ જ શુભેચ્છા!

**☐ શ્રી પાટણ જૈન મંડળ**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ● **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ● **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ● (જાxખ)

## મળેલા જીવના સર્જક પન્નાલાલ પટેલને જન્મ શતાબ્દીએ આદરાંજલિ

**પન્નાલાલ પટેલ** (જન્મ : મે, ૭-૧૯૧૨)ના નામ અને કામ સાથે 'ચમત્કાર' શબ્દ માત્ર જોડાઈ નથી ગયો, જડાઈ ગયો છે. ૧૯૪૬માં પોતાની પહેલી ગણનાપાત્ર કૃતિ લઘુનવલ 'વળામણાં' લઈને પન્નાલાલ આવ્યા ત્યારે હજી આપણા સાહિત્યમાં ગાંધીયુગનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો. ઔપચારિક શિક્ષણ અને સર્જકતા વચ્ચેના સમીકરણ અંગેનો આપણો ખ્યાલ આજે બદલાયો છે.

મનસુખલાલ ઝવેરીએ કહ્યું હતું તેમ 'ગામડું એ પન્નાલાલની શક્તિ પણ છે અને સીમા પણ છે. ગામડું છોડીને પન્નાલાલ શહેરમાં ફરવા નીકળે છે ત્યારે અલબત્ત, તેઓ ભૂલા પડી જાય છે.' શહેરી રમણલાલ ગામડામાં અજાણ્યા લાગતા હોય તો તેની નવાઈ ન હોય. ગ્રામકેન્દ્રી વિચારણા પ્રભાવક બની તે પહેલાં, પન્નાલાલ મેઘાણી અને રમણલાલે ગ્રામજીવનને સાહિત્યમાં સ્થાન આપ્યું તે પહેલાં, પન્નાલાલ તેમની જાનપદી કૃતિઓ લઈને આવ્યા હોત તો આટલા પોંખાયા હોત કે કેમ એ વિચારવા જેવું છે. 'રાઈટ મેન એટ રાઈટ ટાઈમ' એ કદાચ પન્નાલાલ નામના ચમત્કાર પાછળનું બળ છે.)

૧૮૬૨માં પ્રગટ થયેલ નગીનદાસ તુલસીદાસના 'ગુલાબ' નાટકમાં જુદા જુદા કોમ, ધર્મ, ધંધા અને પિરદેશની બોલીનો ઉપયોગ છે. સુધારક યુગના નર્મદ, દલપત અને બીજા લેખકોમાં ય લોકબોલીના લહેકાલઢણ જોવા મળે. સંસ્કૃતાશ્રયી 'શિષ્ટ' ભાષાનો આગ્રહ બલ્કે હઠાગ્રહ તો પંડિત યુગમાં શરૂ થયો. અમુક-તમુક પ્રદેશની કે જાતિની બોલી સાહિત્યમાં પહેલીવાર કોણે પ્રયોજી, ક્યારે પ્રયોજી એનું મહત્ત્વ ઐતિહાસિક બની રહે. પોતે જે પ્રદેશના હતા તે પ્રદેશના લોકોના જીવનની વાત કરવા માટે પન્નાલાલે પોતાને હાથવગી અને હૈયાવગી બોલી પ્રયોજી.

પણ પહેલી વાત એ પન્નાલાલ એક માસ્ટર સ્ટોરી ટેલર છે. કથાકથનની નિપુણતા તેમની ઉત્તમ નવલકથઓમાં ભરપટ્ટે જોવા મળે છે. એક જમાનામાં જેને 'વસ્તુની ફૂલગૂંથણી' તરીકે ઓળખાળાતી કથાપ્રપંચની કલાના પન્નાલાલ માસ્ટર છે. તેમની નવલકથાઓ પણ કથાકથનના કસબને કારણે જ વાચનક્ષમ બને છે. તેઓ માનવજીવન અને માનવમનના પન્નાલાલ પૂરેપૂરા જાણભેદુ છે.

સામાન્ય વાચકોએ 'મળેલા જીવ' કે 'માનવીની ભવાઈ' જેવી તેમની અને આપણી ભાષાની પણ-ઉત્તમ નવલકથાઓ કરતાં આ પોરાણિક નવલકથાઓને વધારે પોતીકી ગણી છે. તેઓશ્રીને સર્વોચ્ચ જ્ઞાનપીઠ પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો. મળેલા જીવ, માનવીની ભવાઈ, વળામણાં, પાછલે બારણે, કંકુ જેવી નવલકથા-લઘુનવલ, કેટલીક પાણીદાર ટૂંકી વાર્તાઓ, પ્રલંબ આત્મકથાત્મક આપનાર નોખી માટીનો આ નોખો માનવી આપણી વચ્ચે હતો એનો ઓચ્છવ મનાવીએ.

### મારફતીયા મહેતાના પાડાની કપલ પાર્ટી

મુંબઈમાં રહેતા મારફતીયા મહેતાના પાડાની કપલ પાર્ટી ઘણાં વર્ષોથી કાર્યરત છે. તા. ૧–૭–૨૦૧૨ના રોજ બસ દ્વારા શાહપુર અને પુષ્કર (નિતા) રીસોર્ટ ખાતે આનંદ પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સવારના ૬-૩૦ વાગે નીકળી, પુષ્કર રીસોર્ટમાં નૌકારશી કરી, શાહપૂર સેવાપૂજા કરી પુષ્કર રીસોર્ટમાં રસપુરીનું જમણ લઈ વિવિધ રમતો રમ્યા હતા. બપોર બાદ ઑરકેસ્ટ્રા સાથે ગરબાની રમઝટ બોલાવી હતી. સભ્ય કપલોના હૈયા હેલે ચઢ્યા હતા. બપોરના ચ્હા, નાસ્તાને ન્યાય આપી સાંજનું જમણ લઈ ઘર તરફ પ્રયાણ કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન શ્રીમતી કેતકીબેન અજયભાઈ શાહ તથા શ્રી મેહૂલભાઈ નવીનચંદ્ર શાહે બહુ જ સુંદર રીતે કર્યું હતું. ટ્રસ્ટી શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ તથા અન્ય સભ્યોએ ઉક્ત બન્ને સભ્યોનો આભાર માની અભિનંદન આપ્યા હતા.


### મકાન ભાડે / વેચાણ જોઈએ છે

**વયસ્ક જૈન પરિવાર માટે પાટણમાં જૈન મોહલ્લામાં દેરાસર નજીક ચાર–પાંચ રૂમ વ્યવસ્થિત રહેવા માટે જોઈએ છે.**
**સંપર્ક : કમલભાઈ બી. ઝવેરી**
**મોબાઈલ : ૦૯૩૭૪૨૫૬૨૯૪ (તારંગા)**
**જ્યોતેન્દ્ર ડી. શાહ : મોબાઈલ : ૦૯૩૨૪૨૩૧૪૩૩ (મુંબઈ)**

REPUTED INTERNATIONAL DIAMOND COMPANY
: Requires :
SALES & MARKETING STAFF
Graduate ( M/F) Fresh & Marketing Experience for selling
Certified & Non-Certified Goods
Apply with Photo & Personal References to :
SUPERGEMS ( INDIA ) PVT. LTD.
501, Prasad Chambers,
Opera House, Mumbai - 400 004.
Email: mumbai.admin@supergemsgroup.com
Advt

# કવિવર રવીન્દ્રનાથ ટાગોર

**કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ભારતના સાહિત્ય તથા સંગીત પર અનોખી અસર હતી. તેઓ એક મહાન કવિ, સાહિત્યકાર, સમાજ સુધારક, નવલકથાકાર હતા. તેઓ સંગીતકાર, રાષ્ટ્રવાદી, શિક્ષણવિદ્ અને અદ્ભુત કલાકાર હતા. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન કવન પર કવિવર ટાગોરની મૌલિક પ્રતિભાની અનોખી છાપ કંડારાયેલી હતી. પ્રસ્તુત છે બન્ને કવિજીવ રવીન્દ્રનાથ ટાગોર તથા ઝવેરચંદ મેઘાણીના કેટલાક સંસ્મરણો.**

કવિવર ટાગોરનો જન્મ ૭ મી મે ના રોજ થયો. આ યુગપુરુષની ૧૫૦મી જન્મ જયંતિ રાષ્ટ્રભરમાં ઊજવવામાં આવી રહી છે. ૧૯૧૩ સાહિત્ય માટેનું નોબેલ પુરસ્કાર મેળવનાર કવિવર પ્રથમ એશિયન હતા.

૧૯૧૮માં ગુરુબંધુની માંદગીને કારણે ઝવેરચંદ મેઘાણીને કલકત્તા જવાનું થયું. રોકાણ લંબાતા ત્યાં જ એલ્યુમિનિયમના વાસણ બનાવનાર જીવણલાલ એન્ડ કું.ના કારખાનામાં જોડાયા. તેમના ફાજલ સમયમાં તેઓ બંગાળી ભાષા સાહિત્ય અને સંસ્કૃતિના ગાઢ પરિચય કેળવતા કવિવર તથા તેમની સત્ત્યકિ કૃતિઓ પ્રત્યે અપાર આકર્ષમ થયું. 'મન મોર બની થનગાટ કરે' અતિલોકપ્રિય ગીત ૧૯૪૧માં ટાગોરના નિધનના સાત દાયકા બાદ અનુસર્જન રૂપે લોકમુખે રમતું થયું. સ્વાર્પણ અને ત્યાગના સુંદર સ્વાર્પણ અને ત્યાગના પ્રસંગો કથાગીતો રૂપે ૧૯૦૦માં આલેખાયા. 'કથા ઉ કાહિની' નામના ટાગોરના પુસ્તકમાં મરાઠા, રાજપુત, શીખ તથા બૌદ્ધ તવારિખની ઘટનાઓમાંથી ૧૯૨૨માં કવિ ઝવેરચંદ મેઘાણીએ 'કુરબાનીની કથાઓ' ગદ્ય રૂપે ઊતારી.

મેઘાણીના પ્રથમ પુસ્તકને નાતે તેઓએ કહ્યું હતું આ તેમનું પ્રથમ પુસ્તક જ હતું અને સાહિત્ય વાચક જગતમાં પાથરેલા અજવાળાના કર્તા ટાગોરનો તેઓએ ઋણસ્વીકાર કર્યો. ૧૯૩૩માં ટાગોરના અંતરંગ સાથી ચિત્રકાર નંદલાલ બોઝે ટાગોરને ઝવેરચંદ મેઘાણીના ગુજરાતના લોકગીતોનો આસ્વાદ કરવા ભલામણ કરી. ગુજરાતના લોકજીવન, લોકસાહિત્ય વિશે મેઘાણીએ પેશ કરેલ બંગાળના લોકગીતોના તુલનાત્મક સમન્વયથી ટાગોર ઝુમી ઊઠ્યા. 'ના છડિયાં હથિયાર' જ્યારે મેઘાણીએ ગાયું ત્યારે નંદલાલ બોઝ તથા ટાગોર દિગ્મૂઢ બની ગયા. ટાગોરે આપેલ મુલાકાતના સમયને કવિયિત્રિ સરોજિની નાયડુએ પોતાના ફાળવેલ સમય ઝવેરચંદ મેઘાણીને આપતા જણાવ્યું હતું કે રાષ્ટ્રીય શાયરને મુખે ગવાયેલ રાષ્ટ્રીય ગીતો કવિવરને સાંભળવા અચૂક ગમશેજ.

૧૯૪૧માં ગુજરાતના લોક સાહિત્ય અને લોકગીતો પર વ્યાખ્યાનો આપવાનું આમંત્રણ મેઘાણીને ૧૩ થી ૧૭ માર્ચ દરમ્યાન શાંતિ નિકેતન ...... તરફથી મળ્યું. જેમાં Folk Songs of Gujarat, ...... told inverse. The bardictore, A living forse મુખ્ય હતા. અશક્ત ક્ષીણ અને પથારીવશ નાદુરસ્ત ટાગોરને મળવા મેઘાણીને નંદલાલ બોઝ અને ગુરૂદયાલ મલિકે કહ્યું. જો કે ગુરૂદેવ ઘણા ઓછા લોકોને મળતા છતાં મેઘાણીને મળતાં પ્રસન્ન થશે તેવું તેમને જણાવ્યું. મેઘાણી ટાગોરના નિવાસસ્થાન 'શ્યામલી'ના પગથિયા પાસે જઈ તેમની ચરણ રજ લઈ પાછા ફર્યા. તેમની શાંતિ કોઈ વધુ મહત્ત્વના કાર્યમાં વપરાય એ વધુ ઈચ્છવા યોગ્ય છે.

૧૯૪૪માં કવિવર ટાગોરના કાવ્યો પર આધારિત ૬૪ રવીન્દ્ર કૃતિઓનો સંગ્રહ 'રવીન્દ્ર વિણા' ગુજરાતમાં પ્રગટ થયો છે. જેમાં મનમોર બની થનગનાટ કરે, ગાજે ગગને મેહુલિયા, આવજો વાલી'બા, ગામના લોકો ...... વગેરેનો સમાવેશ થાય છે.

લબ્ધ પ્રતિષ્ઠિત વિદ્વાન અને વિવેચક પ્રાધ્યાપક ફિરોઝ દાવરે આ સંગ્રહ માટે મર્મગ્રાહી શબ્દો કહ્યા હતા. `This is not translation it's transfusion.'

☐ **સંકલિત**


## વસતી પત્રક તથા યુવા પરિચય ફોર્મ

**પરિવારમાં લગ્નોત્સુક યુવક / યુવતી હોય કે ન હોય છતાં સમાજના સંન્નિષ્ઠ સભ્ય તરીકે વસતી પત્રકનું ફૉર્મ ભરવું આવશ્યક નથી?**

PLEASE HELP US TO HELP YOU

**શું આપ દિવાલના ભેજથી પરેશાન છો?**

**સીલીંગ તથા ટેરેસ, વોટર પ્રુફીંગ, તોડ ફોડ વગર કરી આપીશું**

**એવરગ્રીન કોર્પોરેશન**

**સંપર્ક : ૯૬૯૯૭૫૩૨૨૪, ૯૮૨૦૯૪૧૩૭૧, ૯૮૬૯૩૨૫૭૭૦**

**E-mail :** evergreencorp99@yahoo.com

**૧૦૦% ભેજ તથા લીકેજની વોરંટી**

ADVT

**MATRIMONIAL**

**NAME : DEVANG BHUPENDRA SHAH**
Mother-Father : Nipuna Bhupendra Ashokkumar Shah
Date of Birth : 3-9-1985 / Height : 5'-11"
Education : B.Com. Dip. in Business Management (Via Asian Paints Ltd.)
Occupation : Assistant Manager (Material) Asian Paints Ltd.
Mohollo : Dhandherwado
Contact No. : 28951816 / 9820450572

Advt


**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**




Advt

# શ્રી પાટણ જૈન મંડળ

## શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ કક્ષાએ માર્ક્સ મેળવવા બદલ તેમજ વિવિધ ક્ષેત્રે મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ બદલ ગુણવત્તાના ધોરણે અપાતા પારિતોષિકો

સમાજમાં શિક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું પ્રમાણ વધતું રહ્યું છે. એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ ડિગ્રી-ડીપ્લોમા કોર્ષ તેમજ અનેક શૈક્ષણિક શાખાઓમાં સમાજના વિદ્યાર્થી ભાઈ–બહેનો તેમની વાર્ષિક પરીક્ષાઓમાં ઉચ્ચ ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી રહ્યાં છે. તેઓને બિરદાવવા અને તેમનું અભિવાદન કરવાની ભાવના સાથે **શ્રી પાટણ જૈન મંડળે** વિવિધ ફંડ યોજના દ્વારા તેમજ પોતાના ભંડોળમાંથી પારિતોષિક આપવાની યોજના બનાવી છે.

**મંડળ તરફથી અપાતા વિવિધ મેરીટ પ્રાઈઝની વિગતો અત્રે રજૂ કરીએ છીએ. જેઓએ બોર્ડની પરીક્ષામાં ઉચ્ચ સ્તરે માર્ક્સ મેળવેલ હોય, તેઓએ જરૂરી માહિતી ફોર્મ ભરીને, માર્કશીટની કોપી સાથે સંપૂર્ણ વિગતો ભરી મોકલાવી આપવા અનુરોધ છે. આ મેરીટ પ્રાઈઝ છે. તેથી સમાજના તમામ સ્તરના વિદ્યાર્થીઓ ગુણવત્તાના ધોરણે પારિતોષિક મેળવી શકે છે.**

| | PRIZE NAME | ELIGIBILITY |
|---|---|---|
| **MERIT PRIZES FOR S.S.C. ICSE OR CBSE OR EQUIVALENT EXAM** | | |
| **PRIZE NAME** | | **ELIGIBILITY** |
| 1. | Smt. Smitaben Vikramkumar Dawawala Marriage Prize | 1st Highest Mark |
| 2. | Shri Mohanlal Sakarchand Prize | 2nd Highest Marks |
| 3. | Shri Halabhai Maganlal Girls Student Prize | 1st Highest |
| 4. | Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. | Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 6. | Shri Harshit Bharatkumar Shah English Prize | Highest Marks in English Subject |
| 7. | Shri Harshit Bharatkumar Shah Science Prize | Highest Marks in Science Subject |
| 8. | Shree Patan Jain Mandal Additional Prize | 80% & up marks to all students |
| **MERIT PRIZES FOR H.S.C. OR EQUIVALENT EXAM** | | |
| **SCIENCE** | | |
| 1. | Shri Sevantilal Kantilal Prize | 1st Highest Mark |
| 2. | Shri Nipun Kapurchand Sonawala Prize | 2nd Highest Marks |
| 3. | Smt. Jivibai Laherchand Kotawala Prize | 3rd Highest Marks |
| 4. | Shri Prvinchandra Chimanlal Kilachand Science Prize | Highest Marks in Science Subject |
| 5. | Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 6. | Shree Patan Jain Mandal Additional Prize | 70% & up marks to all students |
| **COMMERCE** | | |
| 1. | Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 1st Highest Mark |
| 2. | Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 2nd Highest Marks |
| 3. | Kum. Khushboo Kartik Navinchandra Shah Account Prize | Highest Marks in Account (B.K.) |
| 4. | Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. | Shree Patan Jain Mandal Additional Prize | 65% & up marks to all students |
| **ARTS** | | |
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shri Maneklal Gabhruchand Shah Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | 66% & up marks to all students |
| **MERIT PRIZES FOR COMMON-ENTRANCE EXAMS ENGG/MEDICINE-MERIT PRIZES FOR DEGREE COURSE STUDENT** | | |
| **B.COM. (FINAL)** | | |
| 1. | Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Com. Prize | 1st Highest Mark |
| 2. | Smt. Bhagwatiben Mafatlal (Babubhai) Shri Laxmichand Shah B.Com. Account Prize | Highest Marks in Account Subject |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | 60% up to marks to all students |
| **B. Sc. (FINAL)** | | |
| 1. | Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Sc. Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | 60% & up marks to all students |
| **B.A. (FINAL)** | | |
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all students |
| **C.A. (FINAL) AND CS (FINAL)** | | |
| 1. | Shri Mafatlal (Babubhai) Laxmichand Shah Bhupendra & Parendra Chartered Accountant Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all students |
| **MERIT PRIZES FOR POST GRADUATION STUDENTS (DEGREE COURSE)** | | |
| **M.Sc. (FINAL)** | | |
| 1. | Smt. Renukaben Pravinchandra Chimanlal Jhaveri Post Graduation Prize | 1st Highest Mark obtained by Girl Student |
| 2. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.COM. (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.A. (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**MERIT PRIZE FOR POST GRADUATION STUDENTS (DIPLOMA COURSE)**

| | | |
|---|---|---|
| 1. | Shree Gulabchand Manilal Shah Diploma Management Prize | For Diploma in Management |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students in Diffierent Faculties |

**MEDICAL COURSES**

**M.B.B.S. (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Dr. Vijay Jayantilal Patani Marriage Medical Prize | Highest Mark |
| 2. | Dr. Dhiren Ramanlel Shah Medical Prize | Highest Mark |
| 3. | Shri Jayantilal Chandulal Shroff Memorial Prize | Highest Mark |
| 4. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.S. (ANY FACULTY)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.D. (GENERAL MEDICINE)**

| | | |
|---|---|---|
| 1. | Dr. Jayantilal Chandulal Shroff Memorial Medical Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.S. (ANY FACULTY)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**B.D.S. (DENTIST)**

| | | |
|---|---|---|
| 1. | Smr. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**M.D.S. (DENTIST)**

| | | |
|---|---|---|
| 1. | Smt. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | 1st Highest Mark |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**B.H.M.S./L.C.E.H. (HOMEOPATHY)**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Medical Prize | Merit Basis |
| 2. | Shree Patan Jain Mandal Additional Prize | To all Students |

**G.F.A.M. (AYURVEDIC)**

| | | |
|---|---|---|
